પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૫ | ૨૫ ઓગસ્ટ, ૨૦૨૧, બુધવાર; શ્રાવણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેન્દ્રિયમંત્રી નારાયણ રાણેની ધરપકડ

**ભાજપ અને શીવસેના ફરી આમને-સામને : ઉધ્ધવ માટે અણછાજતી ટીપ્પણી બદલ નારાયણ સામે ચાર જગ્યાએ એફઆઈઆર દાખલ : ઉધ્ધવ ઠાકરેને લાફો મારવાનું નિવેદન કરનારા કેન્દ્રીય મંત્રી સામે વિરોધ : રત્નાગીરીના સંગમેશ્વરથી રાણેની વોરન્ટ વગર ધરપકડ થતાં ભાજપ દ્વારા ટીકા, ધરપકડ બાદ બ્લડ પ્રેશર અને શુગરમાં વધારો થઈ ગયો**



મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ અણછાજતી ભાષાનો પ્રયોગ કરવા બદલ પોલીસે કેન્દ્રિય કેબિનેટ મંત્રી નારાયણ રાણેની ધરપકડ કરી છે. તાજેતરમાં જ નારાયણ રાણેએ એવું નિવેદન આપ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરેને દેશને આઝાદ થયે કેટલા વર્ષ થયા તેની ખબર નથી, આવા સીએમને એક લાફો મારવો જોઈએ. મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેએ પોતાના ભાષણ દરમિયાન દેશની આઝાદીને કેટલા વર્ષ થયા તે જાણવા પાછળ વળીને જોવું પડ્યું હતું, જો હું ત્યાં હોત તો મેં તેમને ત્યાં જ એક લાફો ચોડી દીધો હોત. હાલ નારાયણ રાણેની મહારાષ્ટ્રમાં જન આશિર્વાદ યાત્રા ચાલી રહી છે. તેઓ રત્નાગીરીના સંગમેશ્વર પહોંચ્યા ત્યારે વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ ત્યાં પહોંચી હતી અને ત્યાં ધરપકડની પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી. બીજી તરફ, રાણેના નજીકના સાથી પ્રમોદ જાથરે દાવો કર્યો હતો કે પોલીસ પાસે કોઈ અરેસ્ટ વોરન્ટ નહોતું, ઉચ્ચ અધિકારીઓ આજીજી કરી રહ્યા હતા કે રાણેને ધરપકડ કરવા માટે ઉપરથી જોરદાર પ્રેશર છે.

● અનુસંધાન પાન-૭ પર

# નાગરિકોને બચાવવા અફઘાન ગયેલું યુક્રેનનું વિમાન હાઈજેક

**તાલિબાનોના કબજાથી અફઘાનમાં ડરનો માહોલ : રવિવારે હાઈજેક કરાયેલા વિમાનને અજાણ્યા લોકો ઈરાન લઈ ગયા હોવાનો યુક્રેન સરકારના મંત્રીએ માહિતી આપી**




કાબુલ,તા.૨૪

લોકોને બચાવવા અફઘાનિસ્તાન પહોંચેલા યુક્રેનનું વિમાન હાઈજેક કરવામાં આવ્યું છે. યુક્રેન સરકારના મંત્રીએ મંગળવારે આ દાવો કર્યો છે. આ વિમાનને ઈરાન લઈ જવામાં આવ્યું છે. મંત્રીના જણાવ્યા અનુસાર, આ વિમાન રવિવારે હાઈજેક કરવામાં આવ્યું હતું, જેને કેટલાક અજાણ્યા લોકોએ કબજે કરી લીધું હતું. યુક્રેન સરકારમાં નાયબ વિદેશ મંત્રી યેવજેની યેનીને માહિતી આપી છે કે અમારા વિમાનને રવિવારે અજાણ્યા લોકોએ હાઈજેક કર્યું છે. મંગળવારે આ વિમાનને ઈરાન લઈ જવામાં આવ્યું છે, જેમાં અજાણ્યા લોકો છે. એટલું જ નહીં, અમારા ત્રણ

● અનુસંધાન પાન-૭ પર

# હર્બલ આયુર્વેદિક દવાને ત્રીજા તબક્કાની ટ્રાયલ માટે મંજૂરી

**હર્બલ આયુર્વેદિક દવા ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાઈ : ઇમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા કોરોના સામે રક્ષણ અને કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે**

અમદાવાદ,તા.૨૪

કોરોના સંક્રમણ સામે લડવા માટે ગુજરાત યુનિવર્સિટીના લાઈફ સાયન્સ વિભાગ દ્વારા તૈયાર કરાયેલી હર્બલ આયુર્વેદિક દવાનેૈં ઝસ્ઈ દ્વારા ત્રીજા તબક્કાની મંજૂરી અપાઈ છે. જુદા જુદા તબક્કાના પરીક્ષણ બાદ ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાને આખરે આઈસીએમઆર દ્વારા ત્રીજા તબક્કાની મંજૂરી આપવામાં આવી છે. ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા કોરોના સામે રક્ષણ અને કોરોનાથી બચવાનો શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કોરોનાની પ્રથમ લહેર સમયે ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવાનો વપરાશ, કોરોના સામે રક્ષણ મેળવવા માટે શરૂ કરાયો હતો. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સમરસ હોસ્ટેલ કે જ્યાં કોરોના પોઝિટિવ એસીમટેમેટિક દર્દીઓને ક્વોરન્ટાઈન કરાતા હતા એ દર્દીઓની મંજૂરી લઈને તેમની સાથે મળીને પ્રયોગની શરૂઆત કરાઈ હતી. કોરોના મહામારી સમયે અનેક પોલીસકર્મીઓ, ફ્રન્ટલાઈન વોરિયર્સને પણ ઈમ્યુરાઈઝ દવા આપવામાં આવી હતી. ધન્વંતરી હોસ્પિટલ કે જ્યાં કોરોનાના દર્દીઓને સારવાર આપવામાં આવતી હતી, ત્યાં જોડાયેલા નોન - ટીચિંગ સ્ટાફને પણ ઈમ્યુરાઈઝ દવા અપાઈ હતી. આઈસીએમઆરએ ત્રીજા તબક્કાની મંજૂરી આપતા હવે માર્કેટ સુધી આ દવાને પહોંચાડવાની સફર સરળ બની છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાએ ઈમ્યુરાઈઝ હર્બલ આયુર્વેદિક દવા વિશે વાત કરતા કહ્યું કે ગુજરાત યુનિવર્સિટી કે જે રાજ્યની સૌથી જૂની સરકારી યુનિવર્સિટી છે. તેમાં વૈશ્વિક સ્તરનું સંશોધન થતા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે ગર્વની ક્ષણ છે.

● અનુસંધાન પાન-૭ પર

# કેપ્ટન અમરિન્દર અને પાક. પત્રકારની તસવીરથી વિવાદ

**પંજાબ કોંગ્રેસનો આંતર કલહ યથાવત : સિધ્ધુના સલાહકાર માલીએ ફેસબૂક પર અમરિન્દરસિંહ અને પાક. પત્રકાર અરુસા આલમની તસવીર શેર કરી**

ચંદિગઢ,તા.૨૪

પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ નવજોતસિંહ સિધ્ધુ અને પંજાબ



સીએમ કેપ્ટન અમરિન્દરસિંહ વચ્ચેનો વિવાદ યથાવત છે. હવે સિધ્ધુના સલાહકાર મલવિન્દરસિંહ માલીએ ફેસબૂક પર એવી પોસ્ટ મુકી છે જેને લઈને વિવાદ જાગી ગયો છે. તેમણે ફેસબૂક પર સીએમ અમરિન્દરસિંહ અને પાકિસ્તાની પત્રકાર અરુસા આલમની તસવીર શેર કરીને લખ્યુ છે કે, આ ફોટોગ્રાફ શું ઈશારો કરે છે. માલીએ પંજાબના ડીજીપી અને મુખ્ય સચિવ પર સવાલ ઉઠાવ્યા છે. ફેસબૂક પોસ્ટમાં માલીએ સીએમ અમરિન્દર સિંહને સંબોધીને લખ્યુ છે કે, અરુસા આલમ રાષ્ટ્રીય સુરક્ષા પર તમારી સલાહકાર છે.

હું વિચારતો હતો કે આ તમારો વ્યક્તિગત મુદ્દો છે પણ જ્યારે તમે નવજોતસિંહ સિધ્ધુના સલાહકારોને કોંગ્રેસની રાજનીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે સાંકળી લીધા છે ત્યારે મારે મજબૂરીમાં આ પોસ્ટ મુકવી પડી છે. તેમણે પૂછ્યુ છે કે, આ તસવીરો શું ઈશારો કરે છે, અરુસા આલમને પંજાબ કોંગ્રેસમાં ક્યારે સામેલ કરવામાં આવ્યા છે? પંજાબ પોલીસના વડા અને મુખ્ય સચિવ પાકિસ્તાની નાગરિક અરુસા આલમના આશીર્વાદ કેમ લઈ રહ્યા છે?

# અફઘાનની સ્થિતિ પર મોદી-પુતિન વચ્ચે ૪૫ મિનિટ ચર્ચા

**તાલિબાનોના અફઘાન પર કબજા બાદની કપરી સ્થિતિ : બંને નેતાઓએ આ દરમિયાન અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અને બંને દેશના સહયોગને લઈને ચર્ચા કરી**

નવી દિલ્હી,તા.૨૪

અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિને લઈને ભારત અને રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વચ્ચે વાતચીત થઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે બપોરે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે લગભગ ૪૫ મિનિટ સુધી વાતચીત કરી. જાણકારી અનુસાર, બંને નેતાઓએ આ દરમિયાન અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અને બંને દેશના સહયોગને લઈને ચર્ચા કરી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલ સાથે પણ અફઘાનિસ્તાનના મુદ્દે વાત કરી હતી. આ તમામ દેશ આ સમયે અફઘાનિસ્તાનમાં જારી સંકટ પર નજર રાખી રહ્યા હતા. સાથે જ કાબુલ એરપોર્ટથી જારી રેસ્ક્યુ ઓપરેશનને લઈને પણ તમામ દેશો વચ્ચે સહયોગ જારી છે. ઉલ્લેખનીય છે કે ભારત હજી સતત અફઘાનિસ્તાનને લઈને વેટ એન્ડ વોચની નીતિને અપનાવી રહ્યુ છે. ભારતનુ ફોકસ પોતાના નાગરિકોને બહાર કાઢવાનુ છે. જોકે ભારત સરકારે ૨૬ ઓગસ્ટે અફઘાનિસ્તાનના મુદ્દે તમામ રાજકીય દળ સાથે ચર્ચા કરવા માટે એક બેઠક પણ બોલાવી છે. અફઘાનિસ્તાનમાં હવે તાલિબાની શાસનને એક અઠવાડિયુ થઈ ગયુ છે અને દુનિયાના કેટલાક દેશ સતત પોતાના લોકોને બહાર કાઢવામાં લાગેલા છે. અત્યાર સુધી કોઈ દેશે તાલિબાનને માન્યતા આપવાની વાત કરી નથી. જોકે કેટલાક દેશોએ પ્રતિબંધ લગાવવાના સંકેત જરૂર આપ્યા છે. તાલિબાન દ્વારા સતત દુનિયાને અપીલ કરવામાં આવી રહી છે કે તેમને માન્યતા આપવામાં આવે, સાથે જ તાલિબાને તમામ દેશોને પોતાની એમ્બેસીને ચાલુ રાખવાની અપીલ કરી છે. જોકે મોટાભાગના દેશ પોતાની એમ્બેસીને ખાલી કરી ચૂક્યા છે.

# પંજશીર તાલિબાન સામે યુધ્ધ માટે સજ્જ : સાલેહ

**અફઘાનના રાષ્ટ્રપતિની ભારતીય ચેનલ સાથે વાત : પંજશીરનો કેટલોક હિસ્સો તાલિબાનના કબજાના દાવાને ફગાવતા રાષ્ટ્રપતિ તાલિબાન સાથે વાતચીત માટે તૈયાર**

પંજશીર,તા.૨૪

અફઘાનિસ્તાનના કાર્યકારી રાષ્ટ્રપતિ અમરૂલ્લા સાલેહે એક ભારતીય ટીવી ચેનલ સાથે આજે વાતચીત કરી હતી. તેમનુ કહેવુ હતુ કે, તાલિબાન જે દાવો કરી રહ્યુ છે કે, પંજશીર પ્રાંતનો કેટલોક હિસ્સો તેમને કબ્જામાં છે તો તે સાવ ખોટો છે. અમારૂ પંજશીર પર સંપૂર્ણપણે નિયંત્રણ છે. સાલેહે કહ્યુ હતુ કે, પંજશીરના લોકો તાલિબાન સામે ઝુકવા માટે તૈયાર નથી. અમે વાતચીત માટે તૈયાર છે. અમે અમારા વિસ્તારમાં શાંતિ ઈચ્છીએ છે પણ જો તાલિબાન લડવા માંગતુ હોય તો તેના માટે પણ અમે તૈયાર છે. તેમણે કહ્યુ હતુ કે, અહમદ મસૂદ અત્યારે પોતાના પિતાની જેમ તાલિબાન સામે લડી રહ્યા છે. દરેક વ્યક્તિ તેમની સાથે છે. હું પણ અહીંયા જ છું અને અહીંયા બધા એક છે. અમે બધુ તાલિબાન પર છોડ્યુ છે. જો તેઓ યુધ્ધ ઈચ્છતા હશે તો યુધ્ધ પણ થશે. સાલેહે આગળ કહ્યુ હતુ કે, હાલની સ્થિતિ બહુ વિચિત્ર છે. કારણકે રાષ્ટ્રપતિ સહિતની આખી કેબિનેટ દેશ છોડીને રવાના થઈ ગઈ છે. અશરફ ગનીએ લોકોને દગો આપ્યો છે. જોકે અમારો ધ્યેય એક જ છે કે, અમે કોઈ પ્રકારના તાનાશાહી ચલાવી નહીં લઈએ. તેમણે કહ્યુ હતુ કે, અમે ઈચ્છી રહ્યા છે કે, અમારા લોકોને આઝાદીથી જીવવાનો મોકો મળે. અમે અફઘાનિસ્તાનને તાલિબાન બનવા દેવા માંગતા નથી. અમે ઈચ્છીએ છે કે, અફઘાની લોકોને તેમની વાત કહેવાનો મોકો મળે. તાનાશાહીમાં આ શક્ય નથી.

એક Bazaar®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે
એક મહિના માટે ચાર્જ: ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349

શિક્ષકો માટે શ્રેષ્ઠ તક
ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમ (નર્સરી થી ધો.૧૦)

| પૂર્વ પ્રાથમિક | પ્રાથમિક | માધ્યમિક |
| --- | --- | --- |
| • કો-ઓર્ડીનેટર • શિક્ષકો | • પ્રિન્સીપાલ • વાઈસ પ્રિન્સીપાલ • સુપરવાઈઝર • કો-ઓર્ડીનેટર • શિક્ષકો (બધા વિષય) | • પ્રિન્સીપાલ • વાઈસ પ્રિન્સીપાલ • સુપરવાઈઝર • કો-ઓર્ડીનેટર • શિક્ષકો (બધા વિષય) |

વહીવટી સ્ટાફ: • Clerk (2) • Accountant (2) • Receptionist (2) • Telecaller (2) • Computer Operator (2)
જોઈએ છે.... ફ્રેશ તથા અનુભવી
MBA, MCA, B.Pharm, BE, MSW, MRS, BRS, BBA, BCA
Manager, Teacher તથા Officer તરીકે સ્કૂલ, કન્સલ્ટીંગ ફર્મ, ટ્રસ્ટમાં જોડાઓ
વોક ઈન ઈન્ટરવ્યુ : તા.૨૬/૮/૨૦૨૧ - ગુરૂવાર, સમય: બપોરે ૨ થી ૪
For more details whats'sapp: 6359597040
E-Mail: teamsynergyedu@gmail.com

